એલ.સી.બી. પોલીસે દહેગામમાં ચોરીના ૧૮ જનરેટર સાથે એકની ધરપકડ કરી

પોલીસ ૧.૭૫ લાખનો મુદ્દામાલ પણ કબજે કર્યો

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર એલ.સી.બી. પોલીસે આજે મળેલી બાતમીના આધારે દહેગામની ગુર્જર સિનેમા પાસે એક મકાનમાં દરોડો પાડ્યો હતો અને મકાનમાંથી રૂ. ૧.૭૫ લાખની કિંમતના ચોરીના કુલ ૧૮ નંગ જનરેટર કબજે કર્યા હતા અને એકની ધરપકડ કરી તેના વિરૂદ્ધમાં દહેગામ પોલીસમથકમાં ફરિયાદ નોંધાવી હતી.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર ગાંધીનગર એલ.સી.બી.ની ટીમ પી.એસ.આઈ. વાય. જે. રાઠોડ, કરણસિંહ, સુરેશભાઈ, સંદિપકુમાર અને વિક્રમસિંહ આજે દહેગામના અનેક વિસ્તારમાં સઘન પેટ્રોલીંગ કરી રહ્યા હતા. પેટ્રોલીંગ દરમિયાન પી.એસ.આઈ. રાઠોડને બાતમી મળી હતી કે દહેગામ તાલુકામાં આવેલ ગુર્જર સિનેમા પાસે સંજય ભાખીભાઈ દંતાણીના મકાનમાં ચોરીના જનરેટર છૂપાવવામાં આવ્યા છે. જેથી એલ.સી.બી. ટીમે બાતમી સ્થળે મકાનમાં દરોડો પાડ્યો હતો અને મકાનમાં રહેલા રૂ. ૧.૭૫ લાખની કિંમતના કુલ ૧૮ જનરેટર કબજે કર્યા હતા અને તેની ધરપકડ કરી તેની સામે દહેગામ પોલીસમથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી હતી અને આ આટલા બધા જનરેટર ક્યાંથી મેળવ્યા છે તેની વધુ પુછપરછ હાથ ધરી છે. પુછપરછ દરમિયાન અનેક ચોરીના ગનાહોના ભેદ ઉકેલાશે તેવી પોલીસને શંકા છે.

ઓટો રિક્ષા સંગઠનના પડતર પ્રશ્નોની ચર્ચા માટે સભા યોજાશે

ઓટો રિક્ષા સંગઠન ગાંધીનગરની સભાનું આયોજન તા. ૩૦ નવેમ્બર બપોરે ૨ થી ૬ કલાક દરમિયાન ગાંધીનગર ટાઉનહોલ સે-૧૭ ખાતે યોજાશે. ઓટો રિક્ષા સંગઠન દ્વારા પડતર પ્રશ્નોનું નિરાકરણ લાવવા માટે સભા યોજવામાં આવશે. આ સભામાં રિક્ષા ચાલકો માટે રિક્ષા સ્ટેન્ડ ફાળવવા, અલગ સીએનજી પંપ આપવો તેમજ લાયસન્સ અને બેગ્સ જેવા પ્રશ્નોની ચર્ચા કરવામાં આવશે તેમ ઓટો રિક્ષા સંગઠન દ્વારા જણાવાયું છે.

ડભોડિયા હનુમાન ડભોડા ખાતે સુંદરકાંડના પાઠ

ગાંધીનગર, તા. ૨૯

પંચમ સોપાન સંગીતમય સુંદરકાંડ પાઠનું આયોજન ડભોડા ખાતે કરવામાં આવ્યું છે. કથાનું રસપાન સંજયભારતી ગોસ્વામીની વ્યાસપીઠે કરવામાં આવશે. જેમાં મોટી સંખ્યામાં લાભ લેવા જણાવાયું છે.

ઝુંડાલ ખાતે સુંદરકાંડ પાઠ

ગાંધીનગર, તા. ૨૯

પંચમ સોપાન સંગીતમય સુંદરકાંડ પાઠનું આયોજન તા. ૩૦ નવેમ્બર શનિવાર રાત્રે ૮.૦૦ કલાકે હનુમાનજી મંદિર ઝુંડાલ ખાતે સંજયભારતી ગોસ્વામીની વ્યાસપીઠે કરવામાં આવ્યું છે. જેમાં મોટી સંખ્યામાં ભક્તોને લાભ લેવા જણાવાયું છે.

શહેર જાગૃત નાગરિક પરિષદની બેઠક

ગાંધીનગર, તા.૨૯

શહેર જાગૃત નાગરિક પરિષદની માસિક બેઠક તા. ૨ ડિસેમ્બર સોમવાર સાંજે ૫-૦૦ કલાકે નમન એપાર્ટમેન્ટ સે-૨૧ ખાતે પ્રમુખ લવજીભાઈ વાડિયાના અધ્યક્ષસ્થાને મળશે. જેમાં સંસ્થાના સભ્યોને હાજર રહેવા નિરંજન ઓઝાએ જણાવ્યું છે.

ચરાડા ગામે ચૂલો સળગાવતા મહિલા ગંભીર રીતે દાઝી ગઈ

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર નજીક ચરાડા ગામે પરણિતા શિલ્પા જીતુભાઈ મકવાણા (ઉ.વ.૨૧) આજે પોતાના ઘરમાં ચૂલો સળગાવી રસોઈ બનાવી રહ્યા હતા દરમિયાન ચૂલામાંથી આગની જવાળાઓ સાડી પર લાગતા શરીરે ગંભીર રીતે દાઝી ગયા હતા. આથી પ્રથમ તાત્કાલિક સારવાર અર્થે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ અને બાદમાં અમદાવાદ ખસેડવામાં આવ્યા હતા. હાલ મહિલા સારવાર હેઠળ હોવાનું નબીબો જણાવી રહ્યા છે. આ મામલે પોલીસે ફરિયાદ નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

પાલતુ પ્રાણીઓ માટે નિઃશુલ્ક મેડિકલ કેમ્પ

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર ખાતે સૌ પ્રથમ વખત પેટ લવર્સ ક્લબ દ્વારા પાલતુ પ્રાણી માટે મફત મેડીકલ કેમ્પ તા. ૧ ડિસેમ્બર, રવિવાર સવારે ૯ થી સાંજે ૫ કલાક દરમ્યાન નિસર્ગ કોમ્પલેક્ષ સે. ૨-સી ખાતે યોજવામાં આવશે. આ કેમ્પમાં અનેક નિષ્ણાતો ઉપસ્થિત રહી પાલતુ પ્રાણીઓને થતા રોગોનું ચેક-અપ અને માહિતી આપવામાં આવશે. કેમ્પનો લાભ લેવા ઈચ્છતા પાલતું પ્રાણીઓના માલિકોએ મો. ૯૬૬૨૫૫૯૨૨૫ પર સંપર્ક કરવા જણાવ્યું છે. વર્ષ પેટ લવર્સ ક્લબ દ્વારા સૌ પ્રથમ ડૉગ શો યોજવામાં આવ્યો હતો. જેમાં ૭૦ થી વધારે ડૉગ હાજર રાખવામાં આવ્યા હતા.

ખાનપુર ચકલામાં પિસ્તોલ લઈ બાઈક પર ફરતા બે શખ્સ ઝડપાયા

અમદાવાદ, તા.૨૯

ગત મોડી રાત્રીએ શાહપુર પોલીસ અધિકારીઓ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા ત્યારે ખાનપુર ચકલા પાસેથી બાઈક પર સવાર બે શખ્સોને પિસ્ટલ અને એક કારતૂસ સાથે ઝડપી પડાયા છે. પૂછપરછમાં બંનેનું નામ સૂફિયાન મનસુરી તેમજ મોહમ્મદ વસીમ હોવાનું જાણવા મળ્યું છે. બંને પાસેથી એક દેશી બનાવટની મેગ્ઝીનવાળી પિસ્ટલ અને એક કારતૂસ મળી આવ્યો હતો.

આર્મી કેમ્પ ખાતે ઘરમાં પલંગ પરથી પડી જતા એક વર્ષની બાળકીનું મોત

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર-ચિલોડા માર્ગસ્થિત આર્મી કેમ્પ વિસ્તારમાં આવેલ અરુણ વિહારના એક મકાનમાં પલંગ પર રમતા રમતા ૧ વર્ષની બાળકી પલંગ પરથી નીચે પટકાઈ હતી. જેનું સારવાર દરમિયાન પ્રાણ પંખીડું ઉડી ગયું હતું. પરિણામે પરિવારજનોમાં પણ શોકનું મોજું ફરી વળ્યું હતું.

પ્રાપ્ત માહિતી અનુસાર ગાંધીનગર ચિલોડા માર્ગ પર આવેલ આર્મી કેમ્પ માં કોસર મહંમદ સાદીકભાઈ કસાના નોકરી કરે છે અને કેમ્પમાં સ્થિત અરુણ વિહાર મકાન નં. ૨૮૩/૫ માં પોતાના પરિવાર સાથે રહે છે. દરમિયાન આજે પરિવારના તમામ સભ્યો ૧૨ વાગ્યાના સમયે ઘરમાં જ હાજર હતા ત્યારે કોશર મહમદભાઈની ૧ વર્ષની બાળકી ઘરમાં જ પલંગ પર રમતી હતી જે રમતા રમતા અચાનક જ પલંગ પરથી જમીન પર પટકાતા બેભાન થઈ ગઈ હતી જેથી પરિવારના સભ્યો તુરંત તેને સારવાર અર્થે ગાંધીનગર સિવિલમાં લઈ ગયા હતા જયાં તેની હાલત વધુ નાજુક જણાતા વધુ સારવાર અર્થે અમદાવાદ સિવિલમાં ખસેડવામાં આવી હતી જયાં આશરે ૧૨ વાગે બાળકીનું પ્રાણ પંખીડું ઉડી ગયું હતું. માસૂમ બાળકીની રમતા રમતા અચાનક જ બનેલી મોતની ઘટનાથી પરિવારજનોમાં ઘેરા શોકની લાગણી ફેલાઈ હતી. આ સંદર્ભે ચિલોડા પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

જી.એસ.એફ.સી. નિગમના કર્મચારીઓને છઠ્ઠા પગાર પંચનો લાભ આપવા સરકારનો નિર્ણય

ગાંધીનગર, તા. ૨૯

ગુજરાત રાજ્ય નાણાંકીય નિગમના કર્મચારીઓને છઠ્ઠા પગાર પંચનો લાભ આપવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે. આ અંગેનો ઠરાવ આગામી ટૂંક સમયમાં કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

નાણા વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ ૨૦૦૬માં છઠ્ઠા પગાર પંચ જાહેર કરવામાં આવ્યું હતું. આ છઠ્ઠા પગાર પંચનો તમામ રાજ્ય સરકારોએ પણ સ્વીકારીને રાજ્યના કર્મચારીઓને છઠ્ઠા પગાર પંચનો લાભ આપવામાં આવ્યો હતો.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ગુજરાતમાં રાજ્ય સરકારે તેના કર્મચારીઓને છઠ્ઠા પગાર પંચનો લાભ આપવામાં આવ્યો હતો. જો કે કેટલાક બોર્ડ-નિગમના કર્મચારીઓને આ પગાર પંચનો લાભ આપવામાં આવ્યો ન હતો જેના કારણે આ નિગમોના કર્મચારીઓ આ લાભથી વંચિત રહેતા નારજગી ઉઠવા પામી હતી.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ઉદ્યોગ અને ખાણ વિભાગ હસ્તકના ગુજરાત રાજ્ય નાણાંકીય નિગમના કર્મચારીઓને છઠ્ઠા પગાર પંચનો લાભ આપવામાં આવ્યો ન હતો. જેથી આ નિગમના કર્મચારીઓમાં નારાજગી ઉઠવા પામી હતી. નિગમના કર્મચારીઓએ રાજ્ય સરકાર સમક્ષ તેમને છઠ્ઠા પગાર પંચનો લાભ આપવા માટેની અનેકવાર માંગણી સાથે રજુઆતો કરી હતી.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ઉદ્યોગ અને ખાણ વિભાગે જી.એસ.એફ.સી.ના કર્મચારીઓને છઠ્ઠા પગાર પંચનો લાભ આપવા માટેની એક દરખાસ્ત નાણા વિભાગને કરી હતી. જેના પગલે નાણાં વિભાગે છઠ્ઠા પગાર પંચનો લાભ જી.એસ.એફ.સી.ની કર્મચારીઓને આપવામાં આવે તો સરકાર પર કેટલો આર્થિક બોજો આવશે તેની વિગતો સાથેની એક દરખાસ્ત રાજ્ય સરકારની મંજુરી અર્થે રજુ કરવામાં આવી હતી.

સૂત્રોના જણાવ્યાનુસાર સરકારે આ દરખાસ્તને મંજુરી આપતા જી.એસ.એફ.સી.ના કર્મચારીઓને હવે છઠ્ઠા પગાર પંચનો લાભ મળશે આ અંગેનો હવે વિધિવત હૂકમો સંબંધીત વિભાગ દ્વારા કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ જી.એસ.એફ.સી.એ એક જંગી ખોટ કરતું રાજ્ય સરકારનું જાહેર સાહસ છે. આ નિગમ હાલમાં બંધ જેવી હાલતમાં છે. નિગમના કેટલાક કર્મચારીઓને વી.આર.એસ. આપી છુટા કરવામાં આવ્યા છે. હવે નિગમના બાકી કર્મચારીઓને છઠ્ઠા પગાર પંચનો લાભ આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

સે. ૨૮માં મહિલાએ અગમ્ય કારણોસર ઝેરી દવા ગટગટાવતા સારવાર હેઠળ

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર શહેરના સેક્ટર-૨૮માં આવેલ આશીર્વાદ ફ્લેટમાં સાંજના સુમારે ૫૫ વર્ષીય પરિણીતા મહિલાએ અગમ્ય કારણોસર ઝેરી દવા પી જતા ચકચાર મચી જવા પામી હતી. તાત્કાલિક સારવાર અર્થે તેને ગાંધીનગર સિવિલમાં ખસેડવામાં આવી છે. જ્યાં મહિલાની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું હતું. પોલીસે આ સંદર્ભે ફરિયાદ લઈ કાર્યવાહી હાથ ધરી છે.

ગાંધીનગર શહેરના સેક્ટર-૨૮ ખાતે પ્લોટ નં. ૨૬૨/૧ નવરત્ન સોસાયટીમાં ૫૫ વર્ષીય ભારતીબેન સુરેશભાઈ મિસ્ત્રી પોતાના પરિવાર સાથે રહે છે. આજે સવારના સમયે ભારતીબેન મિસ્ત્રીએ પોતાના પતિ સુરેશભાઈને બહેનપણીના ઘરે કામ અર્થે જવું છું તેમ કહી પોતાના ઘરેથી નિકળ્યા હતા. બાદમાં તેમના સેક્ટર-૨૮ ખાતે જ આવેલ આશીર્વાદ ફ્લેટના મકાન નં. ૨૮૮ માં ગયા હતા. જ્યાં અગમ્ય કારણોસર ઉંઘઈ મારવાની ઝેરી દવા ગટગટાવી ગયા હતા. બહેનપણીના ઘેર જવાનું કહી નિકળેલી પોતાની પત્ની સાંજ સુધી ઘરે ન આવતા તેમના પતિ સુરેશભાઈએ શોધખોળ હાથ ધરી હતી અને તેમના બીજા આશીર્વાદ ફ્લેટમાં આવી તપાસ કરતા દવા પીધેલ હાલતમાં તેમની પત્ની બેભાન અવસ્થામાં પડી હતી જેથી તાત્કાલિક સારવાર માટે સ્કૂટર પર ગાંધીનગર સિવિલમાં ખસેડવામાં આવી હતી. જ્યાં હાલ મહિલા સારવાર હેઠળ છે.

દહેગામમાં એક અઠવાડીયા અગાઉ ઝેરી દવા ગટગટાવી ગયેલ યુવાનનું મોત

ગાંધીનગર, તા.૨૯

દહેગામ તાલુકાના કમીજ ગામે એક યુવાન એક માસ અગાઉ પોતાના ઘરમાં જ અગમ્ય કારણોસર ઝેરી દવા પી ગયા હતા. જેનું આજે લાંબી સારવાર દરમિયાન કરૂણ મોત નિપજયું હતું. જે અંગે દહેગામ પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસસૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર દહેગામ તાલુકાના કમીજ ગામે રહેતા પ્રહલાદભાઈ જેણાભાઈ ચુનારા ઉ.વ. ૩૫ પોતાના પરિવાર સાથે રહે છે. દરમિયાન એક અઠવાડીયા પહેલા પોતાના ઘરમાં ઝેરી દવા ગટગટાવી ગયા હતા. બાદમાં પરિવારના સભ્યોએ તેમને ગાંધીનગર સિવિલમાં લાવી દાખલ કરેલ. જયાં એક અઠવાડીયા પછી આજે સવારે ૧૦ કલાકે સારવાર દરમિયાન કરૂણ મોત નિપજયું હતું. આ અંગે દહેગામ પોલીસે અકસ્માતે મોતનો ગુન્હો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

વણકર સમાજના આંદોલનને દલિત સેનાએ ટેકો જાહેર કર્યો

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગરમાં વણકર સમાજ દ્વારા વણકર ભવનની જમીન માટે આંદોલન કરવામાં આવ્યું છે. જેમાં શહેરના અનેક સમાજે આંદોલનને ટેકો જાહેર કર્યો છે ત્યારે આજે દલિત સેના દ્વારા પણ ટેકો જાહેર કરવામાં આવ્યો છે. દલિત સેનાના પ્રમુખ બાબુભાઈ મેસરવાલાએ સભામાં સંબોધતા જણાવ્યું હતું કે અનેક સમાજ પાસે જમીન અથવા ભવન છે તે સારી વાત છે પણ વણકર સમાજને જગ્યા ન ફાળવવાથી સમાજની લાગણી દુભાયેલી છે. આ પ્રસંગે દલિત સેનાના દિનકર પરમાર, જયંતિલાલ છત્રારિયા તેમજ સમાજના સભ્યોએ ઉપસ્થિત રહી ટેકો જાહેર કર્યો હતો.

ઘરફોડ ચોરીના ત્રણ રીઢા ગુનેગાર અંતે પકડાઈ ગયા

અમદાવાદ, તા.૨૯

ગતમોડી સાંજે વસ્ત્રાપુર ડી સ્ટાફના પીએસઆઈ કે.એન. રામાનુજ અને તેમની ટીમે સંજીવની હોસ્પિટલ પાસે વસ્ત્રાપુર તળાવ નજીકથી પેટ્રોલીંગ દરમિયાન બાતમીના આધારે ત્રણ રીઢા ગુનેગારોને ઝડપી પાડ્યા છે. ઘરફોડ ચોરીના ત્રણ રીઢા ગુનેગાર કિરણ કુલાભાઈ વાઘરી, રાકેશ બબાભાઈ વાઘરી, ભરત દીપચંદ ગુમા પાસેથી ચોરી કરેલ મોબાઈલ ૧૮ તેમજ ઘરફોડ ચોરી કરવાના સાધનો જેમાં આરી નંગ-૨ મળી આવ્યા છે. પકડાયેલ રીઢા ગુનેગારોની પૂછપરછમાં તેમણે ૨૬ નવેમ્બરે રામોલ વિસ્તારમાં આવેલી સુરેલિયા એસ્ટેટ વિષ્ણુનગર સોસાયટી પાસેના મોબાઈલ શોરૂમમાંથી ઘરફોડ ચોરી કરી હોવાનું કબુલ્યું છે. અગાઉ રામોલ વિસ્તારના સુરેલિયા એસ્ટેટ વંદેમાતરમ્ કોમ્પલેક્ષમાં બે સોનાની દુકાનો તોડવાનો પ્લાન પણ બનાવ્યો હતો. લોકોની અવર જવર વદુ હોવાથી તેઓ ઘરફોડ ચોરી કરી શક્યા નહોતા. રખિયાલમાંઆવેલ એક ગેરેજમાંથી પણ સીસીટીવી સિસ્ટમની ચોરી કરી હતી. પકડાયેલ આરોપીઓના સાગરીતો શૈલેષ ઠાકોર, પ્રવિણ ઠાકોરને ઝડપી પાડવા પોલીસ અધિકારીઓએ ચક્રો ગતિમાન કર્યાં છે.

બીયારણના કાળા બજાર સામે તંત્ર સક્રિય થયુ : કડક પગલા

રવી સીઝનમાં વાવેતર વિસ્તારો વધવા માટેની શક્યતા સામે બીયારણના કાળા બજારની ભીતિને લઈને સાવચેતી

ગાંધીનગર, તા.૨૯

ગુજરાત રાજ્યમાં ચાલુ સાલે ચોમાસામાં સારો અને સંતોષકારક વરસાદ થયો છે. સારા વરસાદથી આગામી રવિ સીઝનમાં રવી પાકોનો વાવેતર વિસ્તાર વધવાની પુરેપુરી સંભાવના છે. જેને લીધે રવિ પાકો માટે ઉચ્ચ ગુણવત્તા ધરાવતા બિયારણની જરૂરીયાત રહેશે. જેથી રાજ્યમાં ઉક્ત બિયારણની ઉપલબ્ધિને ધ્યાને લેતાં વિવિધ બિયારણની કુત્રિમ અછત સર્જીને બિયારણના કાળાબજાર થાય તેવી શક્યતાઓ રહેલી છે.

રાજ્યમાં રવિ સીઝનમાં ઉચ્ચ ગુણવત્તા ધરાવતું બિયારણ ખેડૂતોને પુરતા પ્રમાણમાં વ્યાજબી ભાવે મળી રહે તે માટે બીજ નિગમ, ગુજકોમાસોલ, કૃષિ યુનિવર્સિટીઓ તેમજ સહકારી સંસ્થાઓ મારફત મળી રહે તે મુજબનું આયોજન ખેતીવાડી ખાતા દ્વારા હાથ ધરવામાં આવેલ છે. વધુમાં, બિયારણના કાળા બજાર ના થાય અને ઉચ્ચ ગુણવત્તાવાળું બિયારણ ખેડૂતોને મળી રહે તે માટે રાજ્યના ગુણવત્તા નિયંત્રણ તંત્ર દ્વારા અગમચેતી રૂપે જરૂરી તકેદારી રાખવામાં આવે છે. તેમ છતાં ખાતાના ધ્યાને આવી કોઈ બાબત આવસે તો આવા ઈસમો સામે તુરત જ કાયદાકીય કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

એક્સટર્નલ વિદ્યાર્થીઓની સંખ્યામાં દોઢઘણો વધારો

અમદાવાદ, તા.૨૯

એક્સ્ટર્નલ પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓની સંખ્યા નોંધપાત્ર વધારો થયો છે. વિદ્યાર્થીઓમાં નોકરી કરવાની મહેચ્છાને લઈને એક્સ્ટર્નલ પરીક્ષા આપવાનો ક્રેઝ વધુ જોવા મળી રહ્યો છે. પરંતુ બીજી બાજુ એક્સ્ટર્નલ વિદ્યાર્થીઓની સંખ્યા વધતા યુનિવર્સિટીની મહેનત બમણી થઈ ગઈ છે. પ્રાપ્ત થતી માહિતી મુજબ દિવાળી બાદ ૨૫મી નવેમ્બરથી શરૂ થયેલ ગુજરાત યુનિવર્સિટીની પરીક્ષામાં કુલ ૨ લાખથી વધુ વિદ્યાર્થીઓ ભાગ લઈ રહ્યા છે. જેમાં ૫૫,૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ તો એક્સ્ટર્નલ પરીક્ષા આપી રહ્યા છે.

ગયા વર્ષે આ આંકડો ૩૫ હજારનો જ હતો. પરંતુ નોકરીની સાથે અભ્યાસ કરવાના ક્રેઝમાં પણ વધારો થતાં આ સંખ્યા અડધા લાખને પાર કરી ગઈ છે. હાલમાં આ સંખ્યાના વધારાને કારણે યુનિવર્સિટી માટે પરીક્ષા બિલ્ડીંગો ગોઠવવા ઉપરાંત આન્સર બુક તપાસવાની કામગીરી પણ માથાનો દુખાવો સાબીત થઈ રહ્યો છે. છેલ્લા બે વર્ષથી સરકારના શિક્ષણ વિભાગ દ્વારા સેમેસ્ટર પ્રથા અમલી બનાવાઈ છે.

જેનાં કારણે વર્ષમાં બે પરીક્ષાઓ લેવી પડતી હોવાથી યુનિવર્સિટીનાં પરીક્ષા વિભાગ પર કામગીરીનો બોજ વધી ગયો છે ત્યારે હવે પરીક્ષામાં એક્સ્ટર્નલ વિદ્યાર્થીઓની સંખ્યા વધતા પરીક્ષાનું સંચાલન કરવામાં પરીક્ષા વિભાગને પરસેવો પડી રહ્યો છે. તેમાં પણ ખાસ કરીનેન પરીક્ષામાં ઓછા માર્કસ મેળવીને પાસ થયેલા વિદ્યાર્થીઓને ગ્રાન્ટેડ કોલેજમાં પ્રવેશ નહીં મળતા તેઓ પણ તગડી ફી ચુકવીને સ્વનિર્ભર કોલેજમાં એડમીશન લેવાના બદલે એક્સટર્નલ તરીકે પરીક્ષા આપવાનો રસ્તો અપવાની રહ્યા છે. આ ઉપરાંત મંદીની અસર ઓછી થઈ હોવા છતાં સંપૂર્ણ ઘટી નહીં હોવાને કારણે પણ ઓછા ખર્ચે અને અભ્યાસ સાથે નોકરીનો કન્સેપ્ટ શરૂ થઈ રહ્યો છે. જેને લઈને વિદ્યાર્થીઓ ભણતા ભણતા સારૂં કમાઈ શકાય તેવા ઉદ્દેશ્યથી પણ એક્સ્ટર્નલ પરીક્ષા તરફ વળ્યા છે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૪૯
સૂર્યાસ્ત : ૫.૫૬

તાપમાન

મહત્તમ : ૩૨.૨ ડિ.સે.
લઘુત્તમ : ૧૮.૦ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૬૪ ટકા ● સાંજે ૪૭ ટકા

મનોરંજન

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
ગોરી તેરે પ્યાર મેં : ૯.૩૫, ૬.૨૫
કોઈ ને કહેશો નહીં (ગુજરાતી) : ૧૨.૩૫
સીંઘ સાબ ધ ગ્રેટ : ૩.૨૫
રામલીલા : ૯.૨૫

: સ્ક્રીન-૨ :
બુલેટ રાજા : ૧૦.૪૦, ૧.૪૦, ૪.૪૦, ૭.૪૦, ૧૦.૪૦

: સ્ક્રીન-૩ :
બુલેટ રાજા : ૯.૧૦, ૧૨.૧૦, ૩.૧૦, ૬.૧૦, ૯.૧૦

: સ્ક્રીન-૪ :
રામલીલા : ૯.૧૦, ૧૨.૨૫, ૩.૩૦, ૬.૫૫, ૧૦.૧૦

આર વર્લ્ડ

: સ્ક્રીન-૧ :
બુલેટ રાજા : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :
રામલીલા : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

મૂર્તિ, વાવોલ

બુલેટ રાજા : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
આત્મા : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
બૂલેટ રાજા : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :
રામલીલા : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

વિરાગ, કલોલગ, કલોલ

ઠાકોરની લોહીભીની ચૂંદડી : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

આંબેડકર હોલ

- લોકશાહી લોકમંડળ ગુજરાત ગાંધીનગર દ્વારા સામાજિક કાર્યક્રમ બપોરે ૩.૦૦ કલાકે.

ટાઉન હોલ

- આંજણા સેવા મંડળ દ્વારા રાત્રે ૯.૧૫ કલાકે સામાજિક કાર્યક્રમ

શૈક્ષણિક

- લાયોનેસ કલબ અને સર્વ વિદ્યાલય કેળવણી મંડળ ગાંધીનગર સંચાલિત આર.સી. પટેલ શાળાના સંયુક્ત ઉપક્રમે સ્ટ્રેશ મેનેજમેન્ટ/યુવા માર્ગદર્શન સેમિનાર ખેમીજી વિસરામ હોલ, સેકટર-૨૩ ખાતે સવારે ૮.૦૦ કલાકે.

આપની આજ

મેષ : શિક્ષા સંબંધી ઉપલબ્ધિદાયક સમય. રોગ, ઋણ, શત્રુ સંબંધી કાર્યોમાં ખર્ચ, પ્રવાસનું આયોજન થશે.

વૃષભ : વિવાદિત કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકે છે. સામાજિક ક્ષેત્રોથી મહત્વપૂર્ણ લાભ પ્રાપ્તિનો યોગ.

મિથુન : સામાજિક સમ્માન તમારી ચિંતાઓને દૂર કરશે. અવસર હિતકર થશે. ભાગ્યવર્ધક ધાર્મિક કાર્યો થઈ શકશે. આર્થિક કાર્યોમાં વિશેષ યાત્રા પ્રવાસ ગોઠવાશે.

કર્ક : ધાર્મિક કાર્યોમાં મન લાગશે. શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલવી. સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વધારો થશે. આર્થિક રોકાણ સમજ પૂર્વક કરવું.

સિંહ : સામાજિક કાર્યોમાં યશ અને સન્માનમાં વધારો થશે. વ્યાપાર સારો ચાલશે. આરોગ્ય તરફ બેદરકાર ન રહેવું.

કન્યા : મિત્રો અને કુટુંબની સભ્યોનો સાથ સહકારથી કાર્યમાં પ્રગતિ થઈ શકશે. કૌટુંબિક સુખથી મન પ્રસન્ન રહેશે. વિનમ્રતા અને સામંજસ્યથી કામ કરવું પડશે.

તુલા : કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. તેને તેનું આયોજન થશે. ગહન શોધ, જ્ઞાન તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં ગહન શોધનો યોગ બને છે.

વૃશ્ચિક : આર્થિક ક્ષેત્રમાં સમસ્યાઓ ઉભી થવાની સંભાવનાઓ છે. નાણાંકીય મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. ખાનપાનમાં સંયમ રાખવું.

ધન : વિચારેલા કાર્ય આજે પૂર્ણ થઈ શકે છે. શારીરિક સુખ પ્રાપ્તિ થવાનો યોગ છે. સામાજિક ક્ષેત્રોમાં માન-સન્માન, પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થઈ શકશે. સંચિત ધનમાં વૃદ્ધિ થવાની શકયતાઓ છે.

મકર : શત્રુઓથી હાનિ થવાની સંભાવનાઓ છે. કાયદાકીય બાબતોમાં આપને સફળતા પ્રાપ્ત થઈ શકશે.

કુંભ : જ્ઞાન શોધના કાર્યોમાં મન લાગશે. ધ્યાન, સમાધિ, ગુપ્ત જ્ઞાન સંબંધી કાર્ય થઈ શકશે. આર્થિકક્ષેત્રમાં સમસ્યાઓનો યોગ.

મીન : માનસિક શાંતિ જાળવી રાખવી. નવા સંબંધો બંધાશે. ઘરમાં મહેમાન આવી શકે છે. વ્યાપાર-વ્યવસાયમાં દિવસ મધ્યમ રહેશે. મિત્રોનો સહકાર મળી રહેશે.

ચિરવિદાય

- સ્વ. મધુકાંતાબેન રવિશંકર વ્યાસ (ઉ.વ. ૮૮) પ્લોટ નં. ૧૪૦/૧, સેકટર-૧/બી, ગાંધીનગર.
- સ્વ. લક્ષ્મીબેન પ્રભાતજી ઠાકોર (ઉ.વ. ૬૫) મુ.પો. ધણપ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. જગાજી ભયજીજી ઠાકોર (ઉ.વ. ૩૫) મુ.પો. રૂપાલ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. શકુબેન ભીખાભાઈ પરમાર (ઉ.વ. ૫૪) બ્લોક નં. ૧૧૫/પસ જ-ટાઈપ, સેકટર-૨૦, ગાંધીનગર.
- સ્વ. મહેન્દ્રકુમાર દશરથલાલ ભટ્ટ (ઉ.વ. ૬૦) મુ.પો. વાવોલ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. ઝીંગા ફકીરા પાટીલ (ઉ.વ. ૭૮) બ્લોક નં. ૧૨૬૨/૧, સેકટર-૬/બી, ગાંધીનગર.